# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

૫૦ સુવર્ણ જયંતિ વર્ષ

તંત્રી :
વિરેન શાં. ઘોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ




## ઓ...શિવજી



ઓ શિવજી....ઓ શિવજી...
એક કૃપા ઝરણે ખળખળી લઉં
એટલું જીવન દો..........ઓ...શિવજી

ઝરણા માંહેથી ન સરીતા બનવું
દીવડા માંહેથી ન આરતી બનવું....ઓ...શિવજી
રહી વામન વિરાટમાં તરવરી લઉં
એટલું જીવન દો..........ઓ...શિવજી

પૂનમની ન ખેવના નાના ચાંદે રહું
અટ્ટહાસ્યમાં નહીં સ્મિતમાં રહું..ઓ...શિવજી
તારલાઓનાં ટોળાંથી દૂર ટમટમી રહું
એટલું જીવન દો..........ઓ...શિવજી



વ્યર્થ ઉધામા કેરા ચક્રમાં ન ફસાઉં
મોટાઈ કેરા દંભમાં ન તે રોળાવું...ઓ શિવજી
અદેખાઈ કેરી ખાઈમાં ન પડી રહું
એટલું જીવન દો..........ઓ...શિવજી

– જસ્મીનભાઈ જે. દેસાઈ (રાજકોટ)


વર્ષ : ૫૦ અંક : ૬ બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, ફેબ્રુઆરી–૨૦૧૩
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.



ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

## -- : આપણે ત્રણ વાતો રાખશું યાદ : --

- ત્રણને પ્રથમ પ્રણામ કરવા : માતા પિતા અને ગુરૂ
- ત્રણ સન્માનના અધિકારી છે : સંત શહિદ અને સમાજસેવક
- ત્રણ વાતોથી હમેંશા દૂર રહો : પરદોષદર્શન, પરનીંદા અને સ્વપ્રશંસા
- ત્રણ ઉપર દયા રાખો : પાગલ, રસ્તા ભૂલેલા અને દુ:ખી
- ત્રણને હમેંશા વશમાં રાખો : વાણી,મન અને ઇન્દ્રિય
- ત્રણથી સદામુક્ત રહો : અહંકાર, મમતા અને આસકિત
- ત્રણ ઉપર હંમેશા પ્રેમ રાખો : ઈશ્વર, ધર્મ અને માતૃભૂમિ
- ત્રણ હમેંશા હૃદયમાં રાખો : દયા, ક્ષમા અને ભાવના
- ત્રણનું સદા સેવન કરો : સંત, શાસ્ત્ર અને સત્કર્મ
- ત્રણને હૃદયમાં સ્થાન ન આપો : રાગ, દ્વેષ અને મત્સર
- ત્રણનો સંગ ન કરવો : વ્યભિચારી, વ્યસની અને દેવાદાર
- ત્રણ વ્યકિતને રોકો નહી : દાન કરનારને, બીજાની સેવાકરનારને, ઉપડતી ગાડીમાં ચડનારને
- ત્રણ કામમાં ઉતાવળ કરો : ભજનમાં, દાનમાં અને દાન મેળવવામાં
- ત્રણ કામમાં ઉતાવળ ન કરો : ખોટા વિવાદમાં, કોઈના દોષ અંગે નિર્ણય લેવામાં, કોર્ટકેસ કરવામાં
- ત્રણનું સન્માન કરો : વૃદ્ધોનું, બ્રાહ્મણોનું અને સ્ત્રીઓનું
- ત્રણ કામ ખૂબ ધ્યાનથી કરો : ઈશ્વરનું પૂજન,ભજન,સત્સંગ
- ત્રણ આસુંઓને પવિત્ર માનો : પ્રેમના, કરૂણાના અને પ્રાયશ્ચિતના
- ત્રણની ઘૃણા ન કરો : રોગી, નિર્ધન અને પછાત જાતીવાળાની
- ત્રણ જગ્યાએ નિત્ય જવુ : દેવમંદિર, ગુરૂદ્વારા અને આજીવિકાના સ્થાનમાં
- ત્રણની મજાક ન કરો : અપંગ, અનાથ અને દરિદ્ર

– સંકલનઃ કામિની કે. ઝાલા, રાજકોટ.

## રત્નકણિકા :

- મહેનત એટલી શાંતિથી કરો કે કામયાબી ખૂદ જ શોર મચાવી દે.
- બીજા તમને સુખી બનાવે તેની રાહ ન જોશો સુખ તમારે પોતેજ પોતાની જાતેજ પ્રાપ્ત કરવું પડશે.
- સંસારની બધી સમસ્યાઓ અહ્મમાંથી પેદા થાય છે.
- દરેક નિરાશાવાદી માનવી તક મુશ્કેલી શોધે છે, સફળ થવા માટે મુશ્કેલીમાં તક શોધવી જરૂરી.
- તેજ ગતિથી ચાલનાર ઘોડો બળદની માફક ભાર ખેંચે છે ! આવી રીતે ગુણવાનજનોમાં ગુણો પણ દૂષણ બની જાય છે.
- સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે((સાવિત્રીએ યમરાજ સાથે ચાલીને આ સૂત્રને આધારે મૈત્રીનો દાવો કરી વરદાન માગ્યું હતું એમ કહેવાય છે.)
- જંગલમાં રહવું તે બહેતર પણ અવિવેકી રાજાની નગરીમાં રહેવું સારૂ નહી, પ્રાણ ત્યજવા ભલા પણ અધમ માણસ જોડે સંગતિ કરવી નહી.
- આશાવાદી થાઓ, હતાશ બનશોનહી, સરસ શરૂઆત કર્યા પછી જો તમે હતાશ થાઓ તો તમે મૂર્ખ છો.
- કોઈપણ અધીરો માણસ કદી પણ સફળતા મેળવી શકે નહી. – સંકલન : રવીન્દ્ર નાણાવટી, રાજકોટ

ખાવું પણ નહિં, તેમજ ખાવા દેવું પણ નહિં આવી વ્યકિત સમાજમાં નિંદાને પાત્ર છે.

## જ્ઞાતિ વડીલ પ્રિયંવદાબેન મહેતા સન્માનિત થયાં



ભાવનગરનાં સ્વ. જસવંતરાય ચુનીલાલ મહેતા તથા શ્રીમતી ઈન્દિરાબેન મહેતાનાં પુત્રી શ્રીમતી પ્રિયંવદાબેન મહેતા જેઓ ભાવનગરના વૃધ્ધાશ્રમમાં ૮૫ વર્ષની વયે સ્વસ્થ જીવન વિતાવી રહયાં છે તેઓનું અનેક વિધ સેવા પ્રવૃતિઓ કરતી ૭૫ વર્ષ પૂર્વે માનભાઈ ભટ્ટ સ્થાપિત 'શિશુવિહાર'સંસ્થા દ્વારા' સ્વસ્થ વૃદ્ધત્વ' એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું. વટવૃક્ષ સમા વડીલ મુ. પ્રિયંવદાબેનનું જીવન દર્શન કરવા જેવું છે...

મૂળે ભાવનગરના પણ બીજાં વિશ્વયુધ્ધ સુધી રંગુન (બ્રહ્મદેશ)માં સ્થાયી થયેલાં પ્રિયંવદાબહેન જાપાનીઝ આક્રમણ બાદ પરિવાર સાથે મુંબઈ આવ્યાં. ૧૯૪૨માં 'ભારત છોડો આંદોલન'માં સામેલ થયાં, સેવિકાદળના સક્રિય સભ્ય તરીકે પ્રભાતફેરી, સભા, સરઘસમાં જોડાઈને લાઠીચાર્જ અને ટીયરગેસનો માર સહન કર્યો. મહાત્મા ગાંધી સહિત અનેક રાષ્ટ્રીય નેતાઓની સભાઓમાં સેવા આપી, સ્નાતક બી.એડ.નો અભ્યાસ પૂરો કરી, ૧૯૫૬ થી મુંબઈની ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો. એમ.એ., એમ.એડ.ની પદવી પ્રાપ્ત કરી લીધી. ૨૮ વર્ષના સંતોષદાયક શિક્ષણ કાર્ય બાદ ૧૯૮૪ માં નિવૃત થયાં. અનેક વિદ્યાર્થીઓના જીવન ઘડતર, વ્યકિતત્વ વિકાસમાં ફાળો આપવાની તેઓ સાર્થકતા અનુભવે છે.

શ્રી પ્રિયંવદાબહેન આજે પોતાની જાતને તપાસી, મૂલ્યાંકન કરી સોનેરી સમય વિતાવે છે. જીવનના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, નફા નુકશાનનો તેઓ હિસાબ કરી રહયાં છે. પ્રિયંવદાબહેનના દીર્ઘકાલીન અનુભવે તેમની કેટલીક સોનેરી શીખ વડીલોને સમજવા અપનાવવા જેવી છે. તેઓ કહે છે કે સમય ઘણો કિંમતી છે, નાની નાની બિનજરૂરી, ક્ષુલ્લક બાબતોમાં સમય વેડફીએ નહીં, વિચાર પ્રધાન પુસ્તકો વાંચવાની ટેવ કેળવીએ. પુસ્તકો ઉત્તમ મિત્રની ગરજ સારે છે. જીવનની શકિત વિકસાવવા હકારાત્મક અભિગમ રાખીએ, સમાધાનવૃતિ સાધીએ. બીજાને માટે સૂચવેલ સલાહનું પ્રથમ પોતે આચરણ કરીએ.

જગતના સર્વ જીવોના ક્ષેમ કલ્યાણ માટે પ્રાર્થના કરનાર અને ૮૬ વર્ષે પણ આનંદી પ્રિયંવદા બહેનનું જીવન મેઘધનુષી વૃદ્ધત્વ ઈચ્છતાં સૌ માટે દીવાદાંડી સમાન બની રહેશે.

## પ્રશાંત ઢેબર વાઈસ પ્રેસિડન્ટ પદે નિયુક્ત થયા



મુંબઈ સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પ્રશાંત પી. ઢેબરને માત્ર ૩૨ વર્ષની યુવા વયે તેમની બુદ્ધિપ્રતિભા અને કાર્યદક્ષતા થકી મોરગન સ્ટેનલી એડવાન્ટેજ સર્વિસીઝ પ્રા. લી. કંપનીમાં વાઇસ પ્રેસિડન્ટના ઉચ્ચ હોદ્દા ઉપર બઢતી સાથે નિયુકત કરવામાં આવ્યા. તેઓ મુંબઈના સ્વ. અશ્વિનીકુમાર પી. બક્ષી તથા સ્વ. રંજનબેન બક્ષીના પૌત્ર તથા શ્રી પરાસરભાઈ ઢેબર અને શ્રીમતી ભૈરવીબેન ઢેબરના પુત્ર થાય.

અભિનંદન. જ્ઞાતિ અને દેશના વિકાસમાં સહભાગી થઇ આગેકૂચ જારી રાખો તેવી શુભકામના.

## નાટયકલામાં જ્ઞાતિજનો આજે પણ ઝળકી રહયા છે...



'નેમ' આર્ટસ, મનીષ પારેખ પ્રોડકશન્સ રાજકોટ દ્વારા મનિષ પારેખ લિખિત-દિગ્દર્શિત અભિનિત દ્વિઅંકી નાટક 'એરાઈઝ-અવેક' સ્વામીશ્રી વિવેકાનંદજીના જીવનના કેટલાક પ્રસંગો લઈ પ્રસ્તુત સમયમાં તેમના વિચારોની ઉપયોગીતા વિષે ભજવાયું. આ નાટક ગુજરાત રાજયની સંગીત- નાટય અકાદમી ગાંધીનગર આયોજિત નાટય સ્પર્ધામાં અમદાવાદ ખાતે જયશંકર સુંદરી હોલમાં ભજવાયું. પ્રાદેશિક કક્ષાની આ નાટય સ્પર્ધામાં કુલ સાત નાટકો રજૂ થયાં હતાં.

આ નાટકમાં શ્રી રામકૃષ્ણ પરમહંસનું પાત્ર ભજવવા બદલ સુનીલ ઓઝાને શ્રેષ્ઠ અભિનેતા જાહેર કરવામાં આવ્યા. આ નાટકની સમગ્ર સફળતામાં હિતાર્થ ભટ્ટ, એડવોકેટ નિર્મિત છાયા, શ્રીમતી ખૂશી છાયા, જગદીશભાઈ બુચ, સુનીલ ઓઝા તેમજ બાળ કલાકાર સ્વયં નિર્મિત છાયાનું અનોખું યોગદાન રહયું. તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ડીપાર્ટમેન્ટ દ્વારા આ નાટક રાજકોટ ખાતે શ્રી હેમુગઢવી નાટ્યગૃહ ખાતે ભજવાયું. વિદ્યાર્થીઓનો ખૂબ બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

તાજેતરમાં શ્રી હેમુગઢવી હોલ ખાતે સુ.શ્રી. ઈન્દિરાબહેન શીંગાળા લિખિત નૃત્ય નાટિકા 'ધૈર્યની પરાકાષ્ઠા-શબરી'ની ભાવસભર સફળ પ્રસ્તુતિ કરવામાં આવી. આ નવીનતમ નૃત્ય નાટિકામાં શબરીના જીવનના વિવિધ તબકકાઓ તેમજ કાલ્પનિક પૂર્વ તથા પશ્ચાત જન્મોની કથની વર્ણવવામાં આવેલ.

આ નૃત્ય નાટિકાનું દિગ્દર્શન સુનીલ ઓઝાએ કર્યુ. સહાયક દિગ્દર્શક તેમજ પટકથાની બેવડી જવાબદારીઓ અદા કરી રક્ષિત વસાવડાએ, પ્રકાશ આયોજન તેમજ સંચાલન ચેતસ ઓઝાએ કરેલું. અને નૃત્યની કોરિયોગ્રાફી શ્રીમતી તૃપ્તિ ઓઝાએ કરેલી. આ નાટકના હાર્દ સમુ પાત્ર- માતંગ ઋષિ શબરીના પ્રથમગુરૂ -જગદીશભાઈ બુચ દ્વારા યાદગાર બની રહયું. નરસિંહ મહેતાના પાત્રને રક્ષિત વસાવડાએ જીવંત બનાવ્યું. આ નાટિકા સફળતાએ પહોંચી એ માટે સર્વ કૃતાર્થ નાણાવટી, કૃતી વૈષ્ણવ, રચના બુચ, ક્રિષ્ના ઓઝા, આકૃતિ નાણાવટી, નિધિ રીંડાણી, શ્રીમતિ પૂર્વા જીકાર તથા ડો. ઝલક ઓઝા સહિત સ્કૂલ ઓફ આર્કીટેકચરના આઠ અને અન્ય દસ એમ કુલ અઠયાવીસ પૌરાણિક પાત્રોને કલાકારોએ મંચ પર સજીવન કર્યા હતા. સંગીતમય આ નાટિકામાં ડો. મયંક છાંયાએ પાર્શ્વગાયક તરીકે મહત્વનો ભાગ ભજવ્યો હતો. સમગ્ર નાટિકાને લોકોએ ભરપૂર માણી હતી. (તસ્વીરમાં શ્રી સુનીલ ઓઝા-નિર્મિત છાયા)

(નાટકના સમાચાર ઘણા વખતે લખવા વાંચવા મળતાં ભૂતકાળમાં ભજવાતાં નાટયજગતમાં ગરક થઈ ગયા...દરેક શહેરમાં આપણા 'સ્ટેજ આર્ટીસ્ટ' હશે, માણનાર વર્ગ પણ મોટો હતો -આજે પણ છે જ તે બધા જ વાગોળશે. આજે પણ અભિનયના ઓજસ પાથરી, નાટયકલાને જીવંત રાખનાર કસાયેલા અને નવોદિત જ્ઞાતિ કલાકારો ધન્યવાદને પાત્ર છે. કોઈ સંસ્થા જૂના નવા કલાકારો સાથે સારી સ્ક્રીપ્ટ ભજવવાનું બીડું ઝડપે તો ?...ગરબા સ્પર્ધાની જેમ સાહસ કરવાની વાત છે.)

---

**નોંધ :** આપના સંતાન માટે જાહેરાત આપી હોય તો સગાઇ થઈ જાય એટલે બરછી કાર્યાલયે તેની જાણ કરવાની તસ્દી લેશો કારણ ઘણા બંધુઓ ૪-૬ મહીના પહેલાનાં પાત્રો માટે ફોનનંબર માગતા હોય છે...
(૨) 'ઓનલાઇન' બરછીનું વાર્ષિક લવાજમ રૂા. ૮૦/ -કોઈપણ માસથી ભરી શકાય છે.જે ભર્યા બાદ પાસવર્ડ આપવામાં આવે છે. વધુ માહિતી માટે Log on...barchhi.com -તંત્રી

## ધર્માંગ બક્ષી ડોક્ટરેટ થયા



અમદાવાદ ખાતે નાયબ નિયામક-શ્રમ (ડે. કમિશ્નર-લેબર-ગુજરાત) તરીકે કાર્યરત શ્રી ધર્માંગ સી. બક્ષીએ ડો. કે. પી. જોષીપુરા અને ડો. બી.આર.એમ.વ્યાસના માર્ગદર્શન હેઠળ રજૂ કરેલ મહાનિબંધ (Occupational Microbial Diseases to the Workers in Pharmaceutical and Bulk Drug Industries in Relation with Various Labour Lagislations) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ માન્ય રાખી પી.એચડી.ની પદવી એનાયત કરી છે.

## કરાટેમાં આઠ ગોલ્ડ મેડલ મેળવતા શર્મન મુન્શી



વડોદરાના શર્મન અંકિતભાઈ મુન્શી (ધો. ૯-૧૫ વર્ષ)એ મુંબઈ ખાતે તા. ૮-૯ ફેબ્રુઆરીના રોજ શોટોકાન કરાટે એસો. દ્વારા યોજાયેલ નેશનલ લેવલની 'ગીચીન ફુનાકોસી કપ' કરાટે સ્પર્ધામાં ભાગ લઈ ૮ કેટેગરી-સ્ટાઇલમાં દરેકમાં વિજેતા બની ૮ ગોલ્ડ મેડલ મેળવ્યા. ઉપરાંત 'બેસ્ટ કરાટે પ્લેયર ટ્રોફી' પણ જીતી છે. બ્લેકબેલ્ટ ડેન-૩ ટાઇટલનો ખિતાબ મેળવનાર માસ્ટર શર્મને શીરીષભાઇ અને સંગીતાબેન થીટે પાસેથી આંતરરાષ્ટ્રીય ટ્રેઇનર હાનચી ટાટુન પાસેથી તાલીમ મેળવી છે અને ૧૨ વર્ષથી નીચેના કરાટે વિદ્યાર્થીઓને તાલીમ આપવા 'ટીચર' તરીકે માન્યતા મેળવી છે.

## યુવાનોની સર્જકતા રંગ લાવી.. આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા બની એવોર્ડ મેળવ્યો

ઈ.સ. ૧૮૮૦ માં સ્થપાયેલ વિશ્વ સ્તરની અમેરીકન સોસાયટી ઓફ મીકેનીકલ એન્જીનીયર (ASME) સંસ્થા "હ્યુમન પાવર વ્હીકલ ચેલેન્જ" ની વિશ્વ સ્તરે સ્પર્ધાઓનું આયોજન કરે છે. આ વખતે આઈ.આઈ.ટી. દિલ્હી અને દિલ્હી ટેકનીકલ યુનિવર્સિટીના સહયોગથી તા. ૧૭ થી ૧૯ જાન્યુઆરી -૨૦૧૪ના રોજ પ્રથમ વખત જ ભારતમાં નવી દિલ્હી ખાતે 'હ્યુમન પાવર વ્હીકલ ચેલેન્જ' હેઠળ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજાય ગઈ. જે સ્પર્ધામાં ગાર્ડી વિદ્યાપીઠ આણંદપરમાં ડીગ્રી મીકેનીકલ એન્જીનીયરીંગમાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા શ્રી મૈત્રેય હિમાશું રાણા, વેદાંત સમીરભાઈ વસાવડા અને દિશાંક નિગમભાઈ વસાવડાએ ભાગ લઈ ધગશ અને સર્જકતાના સુમેળથી સાયકલ ડીઝાઈન તેમજ મેન્યુફેકચરીંગ કરી, જેમાં ૨૧ સ્પીડ ગીયર, જમ્પીંગ પેંડલ, રોલઅવર પ્રોકટેશન સિસ્ટમ, ન્યુ હેંડલ ફોરબાર લીંક મીકેનીઝમ, એડજેસ્ટેબલ સીટ, સોલાર ચાર્જર તેમજ આગળ એરોડાયનેમીક ફ્રન્ટની જોગવાઈ કરી આગળ નાનું વ્હીલ તેમજ પાછળ મોટું વ્હીલ આપી આકર્ષક સાયકલ પ્રદર્શિત કરી આંતરરાષ્ટ્રીય કક્ષાએ એન્ડયુરન્શ ઈવેન્ટમાં બીજું સ્થાન તેમજ ડ્રેગ સ્પીડ રેસ ઈવેન્ટમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી શીલ્ડ મેળવવા યશભાગી થયા. - આ પ્રોજેકટ ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી દ્વારા એવોર્ડ વિનર જાહેર થતાં ટીમ વતી મૈત્રેય હિમાંશુ રાણાને અમદાવાદ ખાતે તા. ૧૪-૨-૨૦૧૪ના રોજ યોજાયેલ વિશેષ સમારંભમાં એવોર્ડ આપવામાં આવ્યો. - બ્રેવો, શોધકો-વિજ્ઞાનવીરોને સર્જન બદલ અભિનંદન.

---

**<u>અનુભવ તારણ નોંધ</u> :**(૧) તમે સંતાન માટે લગ્ન વિષયક જાહેરાત આપી હોય તો ખાસ વિનંતી કે જે અંકમાં પ્રસિધ્ધ થાય તે પછી તુરત કાર્યાલયમાં ફોન કરી ફોન/મો.નંબર ચકાસી (ચેક કરી) લેવા વિનંતી છે. કયારેક બને છે કે કોઈ કારણથી શરતચૂકથી એક આંકડાની ભૂલને કારણે ખોટો નંબર લાગી જતો હોય છે...આપણી મહેનત વ્યર્થ જાય છે...અને કો'કને હેરાનગતિ ! (૨) ઘરમાં ચાર પાંચ સભ્યો હોય તો જ લેન્ડલાઈન નંબર આપશો અથવા સમય લખાવશો કારણ ઘણીવાર ફોન ન લાગે તો ફરી કાર્યાલયે ફોન આવે કે તમે આપેલ નંબર ઉપર કોઈ ફોન ઉપાડતું નથી !!દરેક નોંધમાં પોતાને મૂકીને જોશો...!

## અનંતના યાત્રીઓ :

◆અ. સૌ. દિવ્યાબેન(દુર્ગાબેન) સુધીરભાઈ વસાવડા––૫૯ વર્ષ– રાજકોટ,
◆અનીલાબેન અશ્વિનભાઇ છાયા–રાજકોટ,
◆અવન્તીકા બચુભાઈ માંકડ–૭૮ વર્ષ–રાજકોટ,
◆રોહિતભાઈ લક્ષ્મીરાય વસાવડા–રાજકોટ,
◆ચંદ્રમુખરાય (ચાંદાભાઇ) ખારોડ – જૂનાગઢ,
◆અવિનાશ સુરેન્દ્રભાઇ કચ્છી–૬૫ વર્ષ જૂનાગઢ,
◆ઊર્મિબેન સુરેન્દ્રરાય વસાવડા–૭૨ વર્ષ–જૂનાગઢ,
◆જયવંતભાઇ શિવાયલાલ ઓઝા–જૂનાગઢ,
◆ધીરેનભાઈ જનકરાય વકીલ – વડોદરા,
◆રમેશભાઈ રમણીકરાય રીંડાણી–વડોદરા,
◆નિલકંઠભાઈ અનોપભાઇ બક્ષી–વડોદરા,
◆કૃષ્ણકાંત અનુરાય બક્ષી –૮૯ વર્ષ–વડોદરા,
◆યોગેન્દ્ર રામરાય મહેતા–૬૩ વર્ષ વડોદરા
◆નરેશભાઈ શીવલાલ ધોળકિયા–અમદાવાદ,
◆વનલીલાબેન વિનોદરાય બક્ષી–અમદાવાદ,
◆રંજનબેન પરેશભાઈ હાથી–અમદાવાદ,
◆ભાલચંદ્ર પ્રિતમલાલ મંકોડી–અમદાવાદ,
◆અંકુરભાઈ રશેષરાય મજમુદાર–અમદાવાદ,
◆જગદીશભાઈ શંકરપ્રસાદ બક્ષી–૮૨ વર્ષ–અમદાવાદ,
◆શ્રી જસ્મીન જયકુમાર સ્વાદિયા– ૫૭ વર્ષ મુંબઈ,
◆હર્ષદભાઈ મહેન્દ્રરાય રાણા–૮૪ વર્ષ–મુંબઈ,
◆શંભુપ્રસાદ વેણીલાલ અંતાણી–૯૩ વર્ષ–મુંબઈ,
◆પ્રવીણાબેન નવીનચંદ્ર વૈદ્ય–૮૬ વર્ષ, ◆મારકન્ડરાય અનંતરાય ઝાલા–૯૧ વર્ષ–આદિપુર, ◆ભરતભાઇ દિનકરભાઇ વૈશ્નવ–૮૨ વર્ષ–સુરત, ◆હર્ષેન્દુભાઈ છાયા–ભુજ, પોરબંદરના કરણ નિકુંજભાઈ દેસાઈનું ૨૦ વર્ષ આકસ્મિક નિધન. ◆દિવાકર સનતકુમાર મહેતા–૬૩ વર્ષ ભાવનગર. ◆ રાજકોટનાં સ્વ. નિર્ગુણાબેન તથા સ્વ. ભાનુશંકર અંતાણીના ભાવનગર સ્થિત પુત્રો પરજન્યભાઇ અને હરિશભાઈ–માતા પિતાની સેવા કાજે અવિવાહીત રહેલ બેલડી. જેમાંના હરિશભાઈનું તાજેતરમાં દેહાવસાન થયું. પરંપરાના આગ્રહી, ધાર્મિકભાવના ધરાવતા હરિશભાઈ હનુમાનજીના પરમ ઉપાસક હતા. ગીતાબોધ જીવનમાં ઉતારી કપટરહિત, કુટુંબવત્સલ,પરોપકારી હતા. તપસ્વીની જેમ બધું જ કાર્ય સ્વહસ્તે કરી સંસાર ચલાવ્યો...છોડયો.

## 'બરછી' માટે લેખિતમાં મળેલા વાંચકોના પ્રતિભાવો...

અમે કકબના કાયમી વાંચકો છીએ મને હર્ષ થાય છે કે જાન્યુઆરી-૧૪ના અંકમાં 'નાગરોને નજર લાગી,પ્રેરક પ્રાર્થના,સિનિયર સ્માઈલ, કીચન મેનેજમેન્ટ, જેવા સુંદર લેખ વાંચવાની મજા આવી. બધા ઉપયોગી છે. અમારાં જેવી ગૃહિણીઓને 'કીચન મેનેજમેન્ટ' જેવા લેખથી અમારા ગૃહકાર્ય તથા રસોઈમાં ઉપયોગી ટીપ્સ મળવાથી સોનામાં સુગંધ ભળશે. માટે મારી વિનંતી છે કે 'કીચનટીપ્સ' તેમજ 'અજમાવી જુઓ' જેવા નાનકડા લેખ વાંચવા મળતા રહે તો આભારી થઈશ. બીજું કે ટયુશન માટે નિઃશુલ્ક જાહેરાત આપવાની શરૂઆત કરી છે તે જ રીતે અન્ય વ્યવસાયને પણ જાહેરાતથી પ્રોત્સાહન મળશે. ઉપયોગી બની રહેશે.– નિર્ઝરી નિશ્ચલ ઓઝા, અમદાવાદ.

'બરછી'ના સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે ખૂબ શુભેચ્છા...'ગેટ અપ' વગેરે બદલીને નવીનતાસભર રૂપ આપવાનો સરસ પ્રયત્ન કર્યો છે. અભિનંદન.

– દિનેશ એલ. માંકડ, અમદાવાદ

'બરછી'નો જાન્યુઆરી અંક સમાચારો ઉપરાંત ઈતર વાંચન સાથે સર્વાંગ સુંદર બની રહયો.– જાળવી રાખજો... – અશોક અંજારીયા, વડોદરા.

કલમનો કસબ, કડછીનો કિરતાર અને બરછીની બહાદૂરી નાગર જ્ઞાતિની ઓળખ છે, એવા નાગર જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરતા માસિક પ્રકાશન 'કલમ કડછી બરછી' શુભારંભથી પાંચ દાયકા સુધી વામનમાંથી વિરાટ સ્વરૂપે આગળ વધવાના દ્રઢ સંકલ્પ થકી દરેક ક્ષેત્ર–સાહિત્ય, રમત–ગમત, સંગીત રાગિણી, શિક્ષણ આદિમાં બહુધા સાહસની વણથંભી વણઝારથી સમગ્ર નાગર જ્ઞાતિના સંકલ્પબળ અને આંતરસૂઝ વડે 'બરછી' ઉત્તરોત્તર પ્રગતિના શિખર આંબે એવી માનસિકતા તથા એટલી જ આકાંક્ષારૂપ અભિલાષા છે. સુવર્ણજયંતિ પ્રસંગે યાદગાર ઉજવણી કરીને પત્રિકાને વધુ કલદાર– માહિતીસભર સાહિત્યથી નવાજવામાં આવે તે ઈચ્છનીય અને સરાહનીય છે. અનેકાનેક શુભેચ્છા. – ઉપેન્દ્ર મુલાણી, રાજકોટ.

**જ્ઞાતિના ગોર મળે છે ? સમસ્યા અને ઉકેલ...**

## એક ડાળના પંખી..

– દિનેશ માંકડ (અમદાવાદ)

નાગરની સાચી ઓળખ, તેના સંસ્કાર છે. સંસ્કાર પરથી નાગર પ્રથમ નજરે જ પરખાઈ જાય. શાસ્ત્રમાં માનવ જીવનમાં સોળ સંસ્કાર ધારણ કરવાનું મહત્વ ઋષિઓએ આપ્યું છે. નાગરોએ મોટે ભાગે આ સંસ્કારો ખૂબ જ સુંદર રીતે સાચવી રાખ્યા છે–સાચવી રાખવાનો પ્રયત્ન કરે છે. પશ્ચિમના અને આધુનિક દેખાદેખીના ઝંઝાવાતી વાયરામાં પણ જ્ઞાતિ શકય તેટલી અડીખમ બનીને સંસ્કાર દિપાવવા માટે ખૂબ જ પ્રયત્નશીલ હોય જ છે. એ આપણા માટે ગૌરવની વાત છે. નામકરણ, ચૌલકર્મ, ઉપનયન, મંગળ પરિણયથી માંડીને જીવનના અંતિમ પથના પિંડદાન સુધીના સંસ્કાર નાગરોએ શાસ્ત્રોકત રીતે જ સાચવ્યા છે. નાગરના ઘરનો પ્રસંગ તેનું સંસ્કારમૂલ્ય અવશ્ય અનોખું દર્શાવે છે. આ તમામ સંસ્કારો સચવાય, તે માટે આપણા માર્ગદર્શક તે આપણા 'ગોર'. ગોર શબ્દ મૂળે 'ગુરૂ' પરથી આવ્યો છે. એટલે ગોર બોલતી વખતે ગુરૂભાવના જ પ્રગટવી જોઈએ. અને આપણી જ્ઞાતિતો વિદ્વાન છે, જાણકાર છે. એટલે આપણા સંસ્કાર પ્રદાનની વિધિ પણ બીજા કોઈપણ કરતાં શ્રેષ્ઠ અને પદ્ધતિસર જ હોય, એમાં શંકા નથી. અને હોવી જ જોઈએ. કારણકે તેને પોતાનું એક ચોકકસ મૂલ્ય છે. આપણે લોકો કોઈપણ વિધિ 'કરવા ખાતર' નહીં પણ સમજણ કે ભાવનાથી જ શ્રધ્ધાપૂર્વક કરીએ છીએ કે કરાવીએ છીએ. એટલે તેના ઉત્તમપણાનો તો આપણો આગ્રહ હોય જ.

પૂરાણોકત સત્ય કથા છે 'નગરે વસન્તિ ઈતિ નાગરા'... નગરમાં આવીએ વસ્યા તે નાગર. નગરમાં આવે, એટલે નગરની હવા ને નગરનું વાતાવરણ. એટલે કુળપિતાએ સંતાનોને બોલાવીને કહયું, 'અહીં નગરમાં આવ્યા છીએ એટલે બે ય વસ્તુ સાચવવાની છે. ઘર અને સંસ્કાર. બંન્નેની અનિવાર્યતા છે એટલે એક પુત્ર કુળના સંસ્કાર સાચવશે, અને બીજો પુત્ર ઘર સંભાળશે. વ્યવસાય વડે પરિવારનું પોષણ કરશે. સમયાન્તરે જેણે ઘર સંભાળ્યું તે નાગર ગૃહસ્થ કહેવાયા, ને જેણે કુળના જ્ઞાતિના સંસ્કાર સાચવ્યા, બ્રહ્મનું કાર્ય હાથમાં લીધું તે 'નાગર બ્રાહ્મણ' કહેવાયા. હકીકતે તો બંન્ને એક પિતાના સંતાન–એક ડાળના પંખી. જરૂરિયાત મુજબની જવાબદારી અલગ સ્વીકારી, જે બન્ને જરૂરી હતી. આજે 'વિશ્વ–એક પરિવાર' નો સમય આવ્યો છે, ત્યારે આપણામાંના કેટલાયને પૂર્વગ્રહ કે ગ્રંથિથી જોવાની ટેવ છે. ભાઈ–ભાઈ વચ્ચેનો ભેદ હોયજ નહીં એટલે સમયની માંગ પ્રમાણે આપણા દ્રષ્ટિકોણ બદલવા પડશે.આદર અને વિશુધ્ધ રીતે જોવાની ટેવ પાડવી પડશે. અલગપણાની ગ્રંથિઓ કાઢવી પડશે.

સમય બદલાયો છે. પ્રસંગો કેમેરા ને વીડિયો પ્રધાન બનતા જાય છે પ્રસંગની પાછળના હાર્દ, ભાવના ભૂલાતાં જાય છે. તેવા સમયે આપણે જ યાદ રાખવું પડશે કે આપણે નાગર છીએ. બીજું બધું ભલે કરીએ પણ સંસ્કારવિધિ તો શ્રેષ્ઠ જ કરીએ–કરાવીએ. એમાં જરા પણ બાંધ છોડ ન કરીએ. સપ્તપદિના મંત્રોચ્ચાર મંડપમાં ભાવ અને સમજણથી ઉચ્ચારાતા હોય તો વાતાવરણ કેટલું દિવ્ય લાગે, ઈષ્ટદેવ ચોકકસ પ્રસન્ન થઈને તેને વિશેષ આશીર્વાદ આપે.

પણ સૌના મનમાં સવાલ છે કે ઉત્તમ વિધિવિધાન–સંસ્કાર આપવા માટે ગોર શોધવા કયાં જવા ? સવાલ સાચો અને પેચિદો છે. પણ આ સમસ્યાને અલગ દ્રષ્ટિકોણથી જોવી પડશે, હલ કરવી પડશે. પહેલી વાત એ કે 'ગોરપદ' સંભાળે છે તે સૌએ નવી પેઢીને તે માટે પ્રોત્સાહિત કરવી પડશે. અને હવે તો તેનું ઉત્તમ સાહિત્ય અને ડીગ્રી આપતી સંસ્થાઓ પણ પુષ્કળ છે. અને આ તો બ્રહ્મનું કાર્ય છે. જ્ઞાતિને જ્ઞાતિના યોગ્ય લાયકાતવાળા 'ગોર' મળતા જ રહે તે ખૂબ જ આવશ્યક છે. નવી પેઢીએ પણ તે માટે જરૂરથી આગળ આવવું જ પડશે. સમયની માંગ છે. બીજું ખૂબ આનંદદાયક અને અભિનંદનીય છે કે વસાવડા, ધોળકિયા કે અંતાણી જેવી અવટંકવાળા કેટલાય મિત્રોએ પણ આ રીતે સંસ્કાર આપવાનું ઉત્તમ કાર્ય સ્વેચ્છાએ જવાબદારીપૂર્વક ઉપાડી લીધું છે. જેમના સંસ્કૃત ઉચ્ચાર પર પ્રભુત્વ હોય તેમણે સહર્ષ રીતે આ કાર્ય ઉપાડી લેવા જેવું છે.

સો વાતની એક વાત. દ્રષ્ટિકોણ અને ગ્રંથિઓ બદલી આપણે સૌ એક ડાળના પંખી બની સંસ્કારવિધિને સાચી રીતે સાચવવામાં સહિયારો પ્રયત્ન કરતા રહીએ તો જ જ્ઞાતિ અને આપણા સંસ્કાર ટકશે.

## પ્રભુતામાં પગલાં :

卐 ભાવનગર સ્થિત શ્રીમતી સ્નેહલબેન તથા પાર્થિવભાઈ જયેન્દ્રભાઈ મહેતાનાં પુત્રી નૈસર્ગીનાં લગ્ન સુરત સ્થિત શ્રીમતી ચેતનાબેન તથા દુષ્યંતભાઈ જનકરાય વસાવડાના પુત્ર પ્રહર્ષ સાથે.

卐 અમદાવાદ સ્થિત શ્રીમતી ભક્તિ તથા પૂર્ણેન્દુ કેશવરાય છાયાના પુત્ર અંકિતના લગ્ન ભરૂચ સ્થિત શ્રીમતી આશાબેન તથા યજ્ઞેશભાઇ અનસુખલાલ બુચનાં પુત્રી હિતાર્થી સાથે.

卐 રાજકોટ સ્થિત જ્ઞાતિગોર સ્વ. રમેશભાઈ આચાર્યનાં પૌત્રી આકાંક્ષા દિવ્યાંશુ આચાર્ય નાં લગ્ન ભાવનગર નિવાસી કુલીનચંદ્ર પાઠકના પુત્ર જલય સાથે.

卐 અમદાવાદ સ્થિત શ્રીમતી કિરણ તથા હર્ષદરાય વૈશ્નવના પુત્ર કૃણાલના લગ્ન મુંબઈ સ્થિત શ્રીમતી વર્ષાબેન તથા દિવ્યેશભાઇ સત્યેન્દ્રભાઇ વ્હોરાનાં પુત્રી માનસી સાથે.

卐 મુંબઈ સ્થિત શ્રીમતી કૃપાબેન તથા દુર્ગેશ મકરંદભાઈ મહેતાનાં પુત્રી ક્ષિતીનાં લગ્ન મુંબઈના શ્રીમતી પ્રાપ્તિબેન તથા નૈષધભાઈ માર્કંડરાય બુચના પુત્ર ક્ષિતિજ સાથે

卐 જૂનાગઢનાં શ્રીમતી પન્ના તથા નીતિનભાઈ જનસુખભાઇ ધોળકિયાનાં પુત્રી પૂજાના લગ્ન વડોદરાના શ્રીમતી હરેશ્વરીબેન તથા નીલકુંજ નવીનભાઈ મજમુદારના પુત્ર ભૂમિત સાથે

卐 અંજાર સ્થિત શ્રીમતી મીરાં તથા રસનિધિભાઇ ગુલાબરાય છાયાના પુત્ર ઝંખનના લગ્ન રાજકોટ સ્થિત શ્રીમતી હેમા તથા ધવલભાઇ અવાશીયાનાં પુત્રી આનલ સાથે.

卐 અમદાવાદ સ્થિત શ્રીમતી પ્રીતિ અતુલ દેસાઈના પુત્ર અન્વેષના લગ્ન શ્રીમતી મીતા ભારતેન્દુ વસાવડાનાં પુત્રી જેસલ સાથે.

卐 ગાંધીનગર સ્થિત રમણીકલાલ રૂપશંકર હાથીના પુત્ર મુકેશ હાથીનાં પુત્રી જૂઈ નાં લગ્ન ભાવનગર નિવાસી ઉમેશભાઈ ભટ્ટના પુત્ર આદિત્ય સાથે થયાં. આ પ્રસંગે સ્વ. રૂપશંકર હાથી તથા સારાભાઈ હાથીના સમગ્ર પરીવારજનોએ હાજરી આપી કુટુંબમેળો કર્યો.

卐 રાજકોટ નિવાસી શ્રીમતી મીનાબેન તથા કીરીટભાઈ રમણીકલાલ અંતાણીના પુત્ર ધવલના લગ્ન રાજકોટ સ્થિત શ્રીમતી ભારતીબેન તથા કીરણભાઈ ચંદ્રકાંતભાઈ પાઠકના પુત્રી વૈશાલી સાથે આર્યસમાજની વિધિથી થયાં.

卐 વડોદરા સ્થિત સ્તુતિ કશ્યપભાઇ વૈશ્નવનાં લગ્ન જામનગર સ્થિત રક્ષિત મિલીન્દભાઇ બુચ સાથે.

卐 મહુવાના કુલદીપ પ્રદિપભાઈ ઢેબરના લગ્ન ખંડવાનાં અજિતા માધવરાય મંડલોઇ સાથે.

## સગપણ-સગાઈ :

- મુંબઈ સ્થિત ગૌરવ વિપુલભાઇ વૈશ્નવનું સગપણ જામનગરનાં શ્રુંગાલી જયેશભાઇ ધોળકિયા સાથે.

- ગાંધીનગર સ્થિત નિશાંત ભદ્રાયુ ત્રિપાઠીનું સગપણ રાજકોટ નિવાસી ધરા જગદીશભાઈ વસાવડા સાથે.

- વલ્લભવિદ્યાનગર સ્થિત સૌ. નીશાબેન નીખિલભાઈ મહેતાના પુત્ર જસ્મીનનું સગપણ દાહોદ નિવાસી શચીબેન નાગરનાં પુત્રી શમા સાથે.

- રાજકોટ સ્થિત જયદીપ રોહિતભાઈ વસાવડાનું સગપણ અમદાવાદ સ્થિત આકાંક્ષા કાર્તિકભાઈ બુચ સાથે. (બરછીના માધ્યમથી)

# સમાચાર સંચય

♣ **યુએસએ :** અમેરીકા સ્થિત સંધ્યા અને અનીલ મંકોડીનાં પુત્રી કુ. દ્યુતિ મંકોડીએ તાજેતરમાં એમ.ડી.ની પદવી મેળવી. તેણી જૂન-૧૪થી 'ઈન્ટરનલ મેડીસીન ડોકટર' તરીકે મિયામી-ફ્લોરીડા ખાતે કાર્યરત થશે.

♣ **મુંબઈ :** શ્રી હિમાંશુ જીકાર (૭૦ વર્ષ) એ મેરેથોન દોડમાં ભાગ લઈ ૧ કિ.મી.ની દોડ પૂરી કરી.

♣ સંદીપ પ્રકાશ મંકોડી સંચાલિત દીપજ્યોત ડાન્સીંગ એકેડેમીના સ્ટેજ શોનું આયોજન થઈ ગયું.જેમાં ૫૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

♣ **વડોદરા :–** સુપ્રીમ કોર્ટના પ્રખર ધારાશાસ્ત્રી સ્વ. કાંતીલાલ લાભશંકર હાથીને તા. ૨૫-૧-૨૦૧૪ ના રોજ ૧૦૦ વર્ષ પૂરા થતા કૈશલ્યાબેન કાંતીલાલ હાથી પરીવાર દ્વારા સ્મરાંજલિ કાર્યક્રમનું આયોજન કર્યુ. મુંબઈ, દિલ્હી તથા ગુજરાતભરમાંથી મહાનુભાવોએ હાજર રહી પ્રાસંગીક પ્રવચન આપી સદ્ગતને યાદ કર્યા હતા. ઉપરાંત બાળકથી ૯૧ વર્ષના વડીલો સુધીના કુટુંબીજનોને આમંત્રિત કરી કુટુંબમેળા દ્વારા વડીલના સંસ્મરણો વાગોળ્યાં હતાં. અત્રે નોંધ લેવી ઘટે કે મુ. કાંતીલાલ હાથી અ.ભા. ના. પરીષદના પ્રમુખ, પ્રથમ મુખ્યમંત્રીશ્રી ઉછરંગરાય ઢેબરના સચિવ તેમજ જામનગર નરેશ જામસાહેબના કાનુની સલાહકાર તરીકે સેવા આપી ચૂકયા હતા. તેઓ કેન્દ્રીય મંત્રી સ્વ. જયસુખરાય હાથીના ભાઈ થાય.

♣ **અમદાવાદ :** હર્ષ સુનીલ અંજારીયા અત્રેની સ્ટેન્ટેક કંપનીમાં સિનિયર લેન્ડસ્કેપ આર્કિટેકટ તરીકે જોડાયા તથા પોતાનો લેંડસ્કેપ/ડીઝાઇનીંગ કન્સલ્ટીંગનો વ્યવસાય શરૂ કર્યો.

♣ મલ્હાર સુનીલ અંજારીયા કર્ણાટક સુરત્કલ એનઆઇટી માંથી M.Tech.-રીસર્ચનો અભ્યાસ પૂર્ણ કરી CISCO માં એન્જીનીયર ગ્રેડ-૨ તરીકે સીધી ભરતીથી જોડાયા.

♣ ISRO ના વરિષ્ઠ અધિકારી શ્રી કશ્યપ નવીનભાઈ માંકડને 7RCR ટીમ સાથે વડાપ્રધાનશ્રી મનમોહનસિંઘ સાથે મુલકાતની તક સાંપડી તેઓની કાબેલીયત થકી બઢતી આપવામાં આવી.

♣ **રાજકોટ :** સીમ્બાયોસીસ (SCIT)માં એમ.બી.એ.ના છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરી રહેલ અત્રેના વરૂણ શશાંકભાઈ મંકોડીએ SAP લેબ્સ દ્વારા આયોજીત સ્ટુડન્ટ કોમ્પીટીશન (DATA GEEK) માં ભાગ લઈ વિશ્વકક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. વરૂણ મંકોડીએ 'નિરમા' માંથી બી.ટેક.(સી.ઇ.)નો અભ્યાસ કરેલ છે અને વિપ્રો કંપનીમાં બીઝનેસ એનાલીસ્ટ તરીકે પ્લેસમેન્ટ થયેલ છે.

♣ શ્રી કશ્યપકુમાર ઉત્તમકુમાર વસાવડાનું વયસ્ક-મોટી ઉંમરના મતદાર તરીકે જિલ્લા કલેકટરશ્રી દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

♣ અત્રેના શ્રી રાજીવ મધુકરભાઈ વૈષ્ણવના પુત્ર નીતિષ વૈષ્ણવ બી.કોમ., એમબીએ.- બેંક ઓફ બરોડામાં ઓફીસરની પરીક્ષામાં ઉતીર્ણ થઈ બરોડા મનીપાલ સ્કૂલ ઓફ બેંન્કીગ બેંગલોર ખાતે ટ્રેઈનીંગ માટે જવા રવાના થયા. આ તાલીમ માટે સૌરાષ્ટ્રમાંથી પસંદગી પામનાર તે એક માત્ર ઉમેદવાર છે.

♣ શ્રી મહેશ પ્રહલાદરાય માંકડના પુત્ર હર્ષલ માંકડ દ્વારા યુવાનો માટે પ્રેરણા અને પ્રોત્સાહનનું સિંચન કરતા તેમના લેખોના સંગ્રહનું પુસ્તક 'યુવાદવા' તા. ૫-૧-૨૦૧૪ ના રોજ હેમુ ગઢવી હોલ ખાતે એક ધબકતા સમારંભમાં સમાજને અર્પણ થયું.

♣ કુ. પંક્તિ ભરતભાઈ વૈષ્ણવ સી.એ.ના આઈપીસીસી બીજા ગૃપમાં ઉતીર્ણ થયાં.

♣ ચિ. મૌનક નીલમ વસાવડા સરગમ ક્લબ આયોજિત વેશભૂષા સ્પર્ધામાં વિજેતા થયા.

♣ ચિ. ધર્મેશ અજયભાઈ ધોળકિયા ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ તબલાની પ્રવેશિકા પ્રથમ પરીક્ષામાં વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થયા.

♣ યશ અજય આચાર્ય (સ્વ. રમેશભાઈ આચાર્યના પૌત્ર)ને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

♣ **પોરબંદર :-** અત્રેના શ્રી ભદ્રેશ ઓઝા તથા શ્રીમતી જાગૃતિ ઓઝાના પુત્રી કુ. કોષા ઓઝાએ ટીવાયબીકોમ માં યુનિવર્સિટીમાં દસમુ અને કોલેજમાં પ્રથમ સ્થાન મેળવતાં વી.આર. ગોઢાણીયા કોલેજના વાર્ષિકોત્સવમાં કટાર લેખક જય વસાવડાની ઉપસ્થિતિમાં ટ્રસ્ટીશ્રીના હસ્તે ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવ્યો.

♣ સમર્પણ મંડળના ઉપક્રમે રંગબાઈ માતાજીના પિકનીક તથા ઊંધીયા પાર્ટીનું આયોજન સુચારૂ રૂપે સંપન્ન થયું.

♣ શિવમ કલ્પિત વૈદ્ય સી.એ.ની આઈપીસીસી પરીક્ષામાં ઉતીર્ણ થયા.

♣ **જામનગર :** – અત્રે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના ભૂતપુર્વ વિદ્યાર્થી રીતેષ મજમુદારની સ્મૃતિમાં તેમના પિતાશ્રી રક્ષેસભાઈ મજમુદાર-પરિવાર તરફથી આ શાળામાં પતંગ હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેઓના સૌજન્યથી ત્રણ વિજેતાઓને ઈનામ તથા અલ્પાહાર આપવામાં આવ્યાં હતાં. જે સ્પર્ધામાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો.

♣ શ્રી મહિલા મંડળ દ્વારા વર્ષ ૨૦૧૩ની અંતિમ મીટીંગ રશ્મિબેન પોટાને ત્યાં રાખવામાં આવી હતી. જેમાં લીલા વટાણાની વાનગી, પેપરગેમ, હાઉસી વગેરે હરિફાઇ યોજવામાં આવી હતી. મીની ડીનર બાદ બહેનો છૂટાં પડયાં હતાં.

♣ સખી ક્લબ દ્વારા શ્રીમતી સોનલ મનોજ નાણાવટીને વર્ષ ૨૦૧૩ના બેસ્ટ પ્રેસિડેન્ટનો એવોર્ડ આપવામાં આવ્યો.

♣ **સિક્કા :-** મુકેશ રમણીકલાલ હાથી જીઈબી ગાંધીનગરથી અત્રે એકઝીક્યુટીવ એન્જીનીયર તરીકે બઢતી સાથે બદલાયા.

♣ **ભાવનગર :-** અત્રે નરસિંહ મહેતાની જન્મજયંતીના રોજ આતાભાઈ ચોકમાં સ્થાપિત મહેતાજીની પ્રતિમાને અ. ભા. ના. પરિષદના પ્રમુખશ્રી ગજેન્દ્રભાઈ સી. મહેતા, વેદાંત મહેતા, અંબરીશભાઇ ડી. મહેતા, હિમાંશુ દેસાઇ (સ્ટેન્ડીગ કમિટી ચેરમેન)એ મુ. હરકાંતભાઇ દેસાઇની ઉપસ્થિતિમાં ફૂલહાર અર્પણ કરી યાદ કર્યા હતા.

♣ શાસ્ત્રીય નૃત્યકલામાં વિશારદ કુ. અંકિતા(શ્રીમતી ઝરણાબેન અને હરિનબાબુ નવિનચંદ્ર વૈદ્યનાં પુત્રી)એ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના ઉપક્રમે રાજ્યભરમાંથી 'કલકે કલાકાર' માટે પસંદ થયેલા આઠ ચુનંદા નૃત્યકલાકારોમાં સ્થાન મેળવી તા. ૩૧/૧ના રોજ રવિશંકર રાવળ કલાભવન અમદાવાદ ખાતે નૃત્યકલા પ્રદર્શિત કરી, કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું.

♣ શ્રી એસ. એમ. અવાશીયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ચીફ મેનેજર તરીકે અમદાવાદથી અત્રે બઢતી સાથે બદલાયા.

♣ શ્રી જિજ્ઞેશ આર. બુચ ભાવનગર એસ. ટી. ડેપો મેનેજર તરીકે બદલાયા.

♣ શ્રી અશોકભાઈ એ. નાણાવટી અત્રેની કોર્ટમાં સિવિલ જજ તરીકે નિયુક્ત થયા.

♣ જન્માંગ યુ. મહેતા PWC કંપનીમાં મેનેજર તરીકે નિમાયા.

♣ અત્રેના પાર્થ ઉમેશભાઈ મહેતા અમદાવાદ ખાતે SNL કંપનીમાં જોડાયા.

♣ **મહુવા :-** શ્રી હરેશભાઈ નટુભાઈ મહેતા ભા. જ. પ.ના સક્રીય સભ્ય તરીકે નિમાયા. તેઓ મહુવા કેળવણી સમાજ, માર્કેટીંગ યાર્ડ તેમજ નાગરિક બેંક સાથે સંકળાયેલા છે.

♣ શ્રી અતુલભાઈ નટુભાઈ મહેતા નવનિર્મિત સ્વામીનારાયણ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે હવનમાં યજમાન પદે બિરાજેલ.

♣ કૃતાર્થ વિજયકુમાર વૈદ્ય મહુવા બાર એસો.ના પ્રમુખ પદે ૨/૩ બહુમતીથી ચૂંટાય આવ્યા.

♣ **સિહોર :-** લાયન્સ કલબ સિહોરના ડો. શ્રીકાંત દેસાઈને ૨૦૬ દેશમાં વ્યાપ્ત લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા વિશ્વના દ્વિતીય ઉપપ્રમુખના હસ્તે 'વિશિષ્ટ સેવાપીન' એનાયત કરવામાં આવતાં વિશેષ સન્માન પ્રાપ્ત કર્યુ.

♣ પ.બ. ગણપૂલે મહીલા મંડળના ખજાનચી અર્ચનાબેન દેસાઈના નેતૃત્વમાં વાર્ષિક ઉત્સવ યોજાય ગયો.

♣ **જૂનાગઢ :-** મા. શિ. વિભાગના નિવૃત અધિકારી સુ.શ્રી. જાગૃતિબેન ખારોડ દ્વારા સ્થાપવામાં આવેલ આઈ.ટી. એજયુ એન્ડ કોમ્યુનીટી ડેવ. ટ્રસ્ટના ઉપક્રમે તેઓના જન્મદિન નિમિતે હાટકેશ્વર ખાતે જ્ઞાતિબંધુઓ માટે વિનામૂલ્યે 'મુગલે આઝમ' પીકચર શોનું આયોજન કરવામાં આવતાં જૂની પેઢીના વડીલોએ તેનો લાભ લીધો.

♣ અત્રેનાં કુ. રશ્મિબેન કીકાણી, કુ. પ્રચેતાબેન વોરા, શ્રી મોક્ષા મહેતા તથા શ્રી મીતેશ વસાવડાએ તા ૧૩-૩-૨૦૧૪ ના રોજ શરૂ થનાર ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા નિમિતે આ વર્ષે આ ધોરણના પરીક્ષાર્થીઓને શુભેચ્છાપત્ર, બિસ્કીટ, ચોકલેટ તથા ૩૧ રૂા. રોકડ આપી શુભેચ્છા પાઠવી હતી. (શુભેચ્છાપત્ર સાથે વિદ્યાર્થીઓ-વાલીઓ માટે નીચે આપેલ ટીપ્સનું લખાણ અમને જાણ માટે મોકલેલ જે ઉપયોગી તો છે જ, પરંતુ તે કરતાં આવી નાની નાની, સ-રસ નિજાનંદી, નિરપેક્ષ પ્રવૃત્તિઓ અન્ય માટે પણ ઉત્સાહવર્ધક અને પ્રેરક બની શકે તેમ લાગતાં અત્રે છાપી રહયા છીએ.)

♣ **નાની શી ટીપ્સ :-**

♣ (૧) પરીક્ષાના દિવસે પરીક્ષાની રીસીપ્ટ, ઓળખપત્ર ૨ કે ૩ બોલપેન પેન્સીલ, રબ્બર, કંપાસબોક્ષ સાથે રાખો. (૨) પરીક્ષાના નિયત સમયના અડધાથી પોણા કલાક પહેલા કશું વાંચશો નહી મનને એકદમ શાંત અને સ્વસ્થ રાખશો. (૩) ઉત્તરવહી પર ભરવાની બધી જ વિગતો કાળજીથી ભરશો, બારકોડ સ્ટીકર અને ખાખી સ્ટીકર નિયત જગ્યાએ લગાડજો, સીટ નંબર, કેન્દ્ર અને વિષયનો કોડ કાળ જીથી ભરજો. (૪) ઉત્તરવહીના અંદરના પાનાંઓ ચેક કરી લો. ફાટેલા કે ખરાબ પ્રિન્ટવાળી ઉત્તરવહી બદલાવી લ્યો.(૫) નવા મુખ્ય પ્રશ્નનો ઉતર નવા પાનેથી જ શરૂ કરવો, પ્રશ્નનંબર,પેટાક્રમ, પ્રશ્નનું મથાળું બાંધો. પ્રશ્નની સૂચનાઓ લખવાની જરૂર નથી. જવાબો ન આવડે તેની જગ્યા છોડી આવડતા જવાબ પ્રથમ લખવા. (૬) જે પ્રશ્નપત્ર પુરૂં થઈ ગયું હોય તેની તે દિવસે ચર્ચા ન કરવી. (૭) વધુ પડતા ઉજાગરા ન કરવા. સ્વાસ્થ્ય સારૂં રાખવું અને ખાસ... પરીક્ષા પૂરા આત્મવિશ્વાસ સાથે આપો.

**--સમસ્ત જ્ઞાતિ વતી ધો. ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થી દોસ્તોને 'બરછી પરિવાર'ની શુભકામના--**

## કચ્છ નાગર પરિવાર, રાજકોટ

પરિવાર દ્વારા તા. ૧૬-૨-૨૦૧૪ રવિવારના રોજ ચોટીલા લીમડી વચ્ચેનાં ધાર્મિક સ્થળોનું એક દિવસીય પર્યટન યોજાય ગયું. જેમાં ૫૬ જેટલા બંધુઓ સવારે ૬:૩૦ વાગ્યે રાજકોટથી રવાના થયેલ. સૌ પ્રથમ અમદાવાદ હાઇવે પરના દાદા ભગવાન પ્રેરિત ત્રિનેત્ર મંદિરથી ચોટીલા પહોંચી ગાંઠીયા જલેબી લીધા બાદ સુરજદેવળ, ત્યાંથી પ્રાચીન શિવધામ ઝરીયા મહાદેવ વિસામો લઈ સાયલા ખાતેના વીશભૂજેશ્વરી માતાજીના દર્શન કરી લીમડી પાસેના ફૂડમોલમાં પંજાબી ભોજન આરોગ્યાં હતાં. ત્યાંથી લીમડી પાસેના રાજ રાજેશ્વરી સિધ્ધેશ્વર મહાદેવના દર્શન કરી વિશ્રામ લીધો હતો. ચા પાણી બાદ ચોટીલા ચામુંડા માતાજીના દર્શન કરી, ચોટીલા પાસેના જલારામ મંદિરના દર્શન આરતીનો લાભ લઈ વળતાં રાત્રે કાઠીયાવાડી ભોજનની મોજ માણી હતી. પ્રવાસ દરમ્યાન અંતાક્ષરી, કવીઝ તથા નાગરી જોકસનો સૌએ આનંદ માણ્યો હતો. પ્રમુખશ્રી નિશેન્દુભાઇ માંકડ, બંકીમ વૈશ્નવ તેમજ અન્ય કારોબારી સભ્યોની જહેમતથી સફળ પ્રવાસ પૂરો કરી રાત્રે ૧૦ વાગ્યે સૌ કોઇ સ્વસ્થાને પહોંચેલ.

---

**<u>ટયુશન કલાસ</u>** (વિના મૂલ્યે માહિતી) દરેક સમાચાર/માહિતી સુવાચ્ય અક્ષરે લખી મોકલવા વિનંતી.

(૧) અમદાવાદમાં નિશ્ચલ મહેશભાઈ ઓઝા છેલ્લા ચૌદ વર્ષથી ધો. ૮થી ૧૨ અંગ્રેજી અને સમાજશાસ્ત્ર વિષયના બધાં બોર્ડના ગ્રુપ તેમજ પર્સનલ ટયુશન આપી રહયા છે. ઉપરાંત અનુવાદના કાર્ય સાથે પણ સંકળાયેલા છે. સંપર્ક : મો. ૯૯૨૫૨૪૨૬૦૧ ફોન : ૦૭૯-૨૬૬૪૦૦૮૬

(૨) રાજકોટ વૈશાલીનગર ખાતે શ્રીમતી આશા મિલિન્દ મહેતા નર્સરીથી ધો. ૮ સુધીના બંને માધ્યમના ટયુશન કરે છે. જ્ઞાતિજનોને વિશેષ સવલત. સંપર્ક : ૯૭૨૬૧૬૨૩૧૮

---

## ::::::::::: મંગલ મેરેજ બ્યુરો :::::::::::

**સંચાલક :- મમતા ઢેબર ફોન નં. ૦૨૮૧ ૨૫૭૦૬૮૧**

**(સમયમાં ફેરફાર નોંધી લેશો સવારે :- ૧૨ થી ૨, સાંજે ૭ થી ૯) (રવિવારે રજા)**

**Mail ID- mamtadhebar@yahoo.in**

<u>નોંધ : સ્પેશ્યલ રજીસ્ટ્રેશન બેનીફીટ, વુમન્સ ડે ૮ માર્ચ નિમિત્તે...</u>

**<u>હેલ્ધી પેકેજ ધરાવતી ઉચ્ચ શિક્ષિત યુવતીઓની યાદી.... ઉચ્ચ શિક્ષિત યુવક જોઈએ છે...</u>**

(૧) મે-૯૦ સી.એ., સી.એસ. (ચાલુ) ઉંચાઇ ૫'.૨"(પસંદગી-ડોકટર, સીએ, એન્જીનીયર)

(૨) ડીસેમ્બર-૮૮ બી.એસ.સી., માસ્ટર ઇન ફેશન ડીઝાઇનીંગ (સીંગાપુર) ઉંચાઇ ૫'.૨"

(૩) જાન્યુઆરી-૮૮ એમ.સી.એ., ઉંચાઇ ૫'.૧"સમૃધ્ધ કુટુંબની સુંદર ના. બ્રા. કન્યા.

(૪) મે-૮૪ ઉંચાઇ ૫'.૪" 12th O'Leval (લંડન) બેચલર ઓફ ટુરીઝમ(મુંબઇ) ટ્રાવેલ મેનેજમેન્ટ (મુંબઇ) (કોઈપણ કન્ટ્રી ચાલે)(૫) ફેબ્રુઆરી-૮૨, ઉંચાઇ ૫'.૭" એમએસસી(આઇટી) (૬) સપ્ટેમ્બર-૮૧ ઉંચાઈ ૫'.૫" એમ.એ. ટયુશન કલાસ ચલાવતી કન્યા. (૭) જૂલાઇ -૭૭ એમએસસી, એમબીએ,ઉંચાઇ ૫'.૫" સુંદર કન્યાને યુવક. **<u>યુવકોની યાદી :</u>** (૧) NRI ઓગષ્ટ-૮૭ ઉં. ૫'.૫" એમ.એસ. કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા)પેરામેડીકલ કન્યા આવકાર્ય (૨) NRI નવે. ૮૬, ઉં. ૬' બી.ટેક. (ભારત) એમએસ. (અમેરીકા) (૩) માર્ચ- ૮૬ મીકે. એન્જી. ઉં.૫'૧૧"હૈદ્રાબાદ-એમએનસી કં.તેથી બહાર જવાની શકયતા (૪) સપ્ટે. ૮૬ એમ.કોમ. ઉં.૫'૧૦" ઉચ્ચ શિક્ષિત કન્યા આવકાર્ય.

રાજકોટની સ્વાદશોખીન જનતા માટે...

## PARIVVAR FOOD ZONE

**એકવાર વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓનો આસ્વાદ માણવા પધારો...**

- પિઝા
- ગ્રીલ્ડ સેન્ડવીચ
- મસ્કા બન
- મેગી
- પાસ્તા
- પાઉંભાજી
- સમોસા
- અમેરીકન મકાઈ
- મસાલા ટી/
- કોફી/કોલ્ડીંક્સ
- મસાલા ખાજલી

**--પાર્ટી ઓર્ડર્સ પણ લેવામાં આવે છે--**

રેસકોર્ષ પાર્ક પાસે, એરપોર્ટ રોડ,
રાજકૃતિ બિલ્ડીંગની બાજુમાં, રાજકોટ.
**મો. ૯૪૨૭૧ ૫૮૬૦૩ (પ્રિતેશ બુચ)**
**૮૦૦૦૨૪૫૮૬૯ (હિતેષ ધોળકિયા)**

---

**આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગ આપો..**

નવા તથા જૂના ઘરને...

- કલરકામ
- રીનોવેશન
- વોટરપ્રુફીંગ
- સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા માંગતા હો તો એકવાર અમારો સંપર્ક અવશ્ય કરશો..

- બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

**જયેશ વસાવડા - અમેરીકન કલર**
**મો. ૯૮૯૮૧૭૦૮૧૩ / ૯૦૬૭૪૯૩૧૧૭**

---

**મનહર વૈષ્ણવ લિખિત**

## નેવાં ટપકે  મનદર્શન

ઘરમાં આવાં બન્ને પુસ્તકો હોય જેનું નવરાશની પળે ગમે તે પાનું ફેરવવામાં આવે ત્યારે તેમાંથી ટપકતા 'નેવાં' જેવો ધીમો મધૂર અવાજ અને ભીની સુગંધ આવે. મનહર વૈષ્ણવ લિખિત **"નેવાં ટપકે"** એટલે ૨૫ નવલિકાઓ ૧૮ લઘુકથાઓ તથા ૧૬ રસભર લેખોનો સંપૂટ તથા **"મનદર્શન"** માં શિવ-કૃષ્ણ, રામ, હરિ, માતાજીના રાગ રાગિણી મઢયા ભજનો તથા ગીત ગઝલનો સંગ્રહ..જે તમારા મનને તરોતાજું કરે. **કિંમત 'નેવાં ટપકે" રૂા ૨૦૦ તથા "મનદર્શન" રૂા ૧૦૦. બંન્ને પુસ્તક સાથે રૂા ૨૫૦/- પાંચ કે વધુ પુસ્તક માટે ૨૦% ડીસ્કાઉન્ટ-પોસ્ટલ ખર્ચ અલગથી રહેશે. સંપર્ક:૦૨૮૧-૨૪૫૫૧૩૮ મો. ૯૮૨૫૨ ૮૦૧૪૭**

---



**પરણે દિકરી વ્હાલી...**
**શરણાઈથી વિદાઈ સુધી...**

Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

- Concept Wedding Planner
- DJ & Music
- Food & Catering
- Theme Decoration
- Mehndi
- Doli & Baggi
- Dance Group Artist
- LED Video Screen
- Photo & Video Shooting

**Concept Wedding Planner**
Pallav Devendrabhai Mankad
Cell: 9624889707

UNLIMITED SOURCE
Making Dream Wedding Comes True

**Unlimited Source**
www.unlimitedsource.in
Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India
Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

# લગ્ન વિષયક જાહેરાત

(૧) સી.એ. ડીગ્રી ધરાવતી, જ. ૭/૧૯૮૯ કન્યાને ઉચ્ચ અભ્યાસ ધરાવતો યુવક. સંપર્ક : મો.

(૨) એમ.કોમ.,સી.એ., જ. ૧/૧૯૮૯, વડોદરા ખાતે કંપનીમાં નોકરી કરતી કન્યાને માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૩) એમ.બી.એ.,જ. ૧૧/૧૯૮૬, ઉં. ૫'.૮" મુંબઈ ખાતે એચ.ડી.એફ.સી.બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-

(૪) એમ.એ.,બી.એડ.,ડીસીએસ., જ. ૧૯૮૨, ઉં. ૫'.૩" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૫) એમ.સી.એ., જ. ૨/૧૯૮૫, ઉં. ૫'.૮" નોકરી કરતી ખંડવા સ્થિત ના. બ્રા. કન્યાને યુવક. સંપર્ક : ખંડવા મો.

(૬) એમ.એસ.સી.(બાયો ઇન્ફર્મેટીક), જ. ૧/૧૯૯૦, ઉં. ૫'.૨" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૯૨-

(૭) બી.ટેક.(ઇસી-ભારત)એમ.એસ.(જર્મનીમાં અભ્યાસ ચાલુ) યુરોપીયન એરફોર્સમાં નોકરી કરતી જ. ૧૦/૧૯૯૦, ઉં. ૫'.૩" કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૭૯- મો. (રાત્રે ૮ પછી)

(૮) એમ.એ.,બી.એડ, જ. ૮/૧૯૮૬, ઉં. ૫'.૨" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧- મો.

---

(ગતાંકમાં શ્રી મયૂર અંજારીયાના 'નાગરોને નજર લાગી ?' વિષય ઉપર ઘણા બંધુઓએ કલમ ચલાવી, પોત પોતાના અભિપ્રાય અને મત રજૂ કર્યા છે. કેટલાક લાંબા હોવાથી 'કાંટછાંટ' કરવી પડે તેમ હોવાથી હવે પછી ક્રમશઃ પ્રસિદ્ધ કરીશું. અત્યારે વાંચો મંતવ્ય-૧.. છપાતા જાય તેમ વિચારમંથન કરતા રહેજો..-તંત્રી)

**મંતવ્ય-૧** જાન્યુઆરી-૨૦૧૪ ના અંકમાં ભાઈશ્રી મયૂર અંજારિયા (રાજકોટ) લિખિત 'નાગરોને નજર લાગી ?' ખૂબ જ સમયસરનું અને પ્રાસંગિક લખાણ લાગ્યું. હેડીંગમાં મયુરભાઈએ પ્રશ્નાર્થ અમસ્તું જ મૂક્યું છે. નજર લાગી છે જ. હવે આ વિષે મુદ્દાવાર મારો અભિપ્રાય જણાવું છું.

(૧) બોર્ડના દસ ક્રમ હવે તો રદ્દ થયા છે, છતાં અભ્યાસમાં આપણા સંતાનોની સ્થિતિ હજુ એટલી ચિંતાજનક નથી. (૨) આંતરજ્ઞાતિય લગ્નો સમયની માંગ ગણી શકાય, ઈતર જ્ઞાતિમાં જતી આપણી યુવતી કદાચ ત્યાં સેટ થઈ જાય છે પણ વહુ તરીકે આવતી આપણા સંસ્કારોમાં ઢળી શકતી નથી અથવા તો મોડી ઢળે છે, પરિણામે સર્જાય છે કંકાસ, ગેર સમજો અને અંતે કોર્ટના દ્વાર.(૩) સગાઈ કે લગ્ન વિચ્છેદની ઘટનાઓ ચોકકસ ચિંતાજનક છે. વડીલોએ વિચારવું જ રહયું. બંન્ને પક્ષના માતા-પિતા એ પરણિત સંતાનના જીવનમાં સલાહ સૂચનો કરવાં જ રહયાં. લગ્નની ઉંમર પણ આપણે ત્યાં મોડી છે જે ઘટાડવી રહી. પરિણામે ઈતર પાત્રો સાથેનો પરિચય ઘટશે-લગ્ન સંસ્થા વધુ દ્રઢ થશે. પુત્રના માતા-પિતાએ ભાવિ પુત્રવધુના ગુણ જોવા નહીંકે રૂપ રંગ, અને યુવતીના મા-બાપે મુરતિયો માત્ર સરકારી નોકરીનો જ હોય એવો દૂરાગ્રહ ઓછો કરવો રહયો. બાકીના ત્રણ મુદ્દા વિષે 'નો કોમેન્ટસ'. હા પાંચ '૫' માટે પ્રખ્યાત આપણી કોમે થોડી પંચાત ઘટાડવી રહી. કયારેક માત્ર ટાઈમપાસ માટે કરાયેલ પંચાત કોઈ નિર્દોષના જીવનમાં ઝેર રેડી શકે છે. અને મારૂં એક સૂચન.... આપણી જ્ઞાતિમાં સમૂહ લગ્નો પ્રત્યે આટલી સૂગ કેમ ? દેખાદેખીમાં ખેંચાતા માતા-પિતાઓએ એકત્ર થઈ સમૂહ-લગ્ન પ્રથાને સજીવ કરવી જ રહી. -લેખ સારો પણ સમજીએ અને સુધરીએ તો...! જય હાટકેશ.

- જયેશ અંતાણી, ભાવનગર

**ચાલો વાસાવડ... ચૈત્ર સુદ આઠમ તા. ૭/૪/૧૪ ચાલો વાસાવડ...**

# --- દુર્ગાષ્ટમી ઉત્સવ ---

**વાઘેશ્વરી મંદિર, વાસાવડ, તા. ગોંડલ**

મા વાઘેશ્વરી મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પધારવા જ્ઞાતિજનોને આમંત્રણ છે.

**તારીખ : ૭/૪/૧૪ ચૈત્ર સુદ આઠમ**
**પૂજા પ્રારંભ : સવારે ૮ : ૦૦ કલાકે**
**બીડું હોમવાનો સમય : બપોરે ૧૨ : ૦૦ કલાકે**

**વિશેષ માહિતી માટે સંપર્ક કરો :**

**રાજકોટ :** સમીર વસાવડા : મો. ૯૮૨૫૦૭૭૩૬૪
**રાજકોટ :** વિતેશ વસાવડા : મો. ૯૪૨૬૯૬૮૩૬૩
**રાજકોટ :** પ્રવિણભાઈ વસાવડા : મો. ૯૯૨૫૮૩૪૨૩૩
**અમદાવાદ :** દેવલ વસાવડા – ૯૯૭૮૮ ૨૮૫૯૯ ભરત વસાવડા– ૯૪૨૬૪૦૮૮૬૫
**જૂનાગઢ :** ભવજીત વસાવડા–૯૪૨૭૭ ૩૩૧૦૨ – મહેશ જે. વસાવડા – ૯૪૦૮૨૧૪૦૨૩
ધવલ વસાવડા – ૯૪૦૮૭૩૧૩૬૬

**: સૂચના :**

(૧) સંખ્યા મુજબ એક બસ રાજકોટથી જશે..ભાડું રૂા. ૧૫૦/– રાખવામાં આવેલ છે. ભાડું (નોન રીફંડેબલ) છે. નામ નોંધવવા તા. ૧૦/૩થી ૨૫/૩/૧૪ સુધીમાં સવારે ૮ થી ૧૨ સાંજે ૪ થી ૮ દરમ્યાન હેમેન્દ્ર વસાવડા –૦૨૮૧– ૨૪૭૧૨૪૦–નો સંપર્ક કરવો.
(૨) પૂજા વિધિમાં બેસવા સમીર વસાવડાનો સંપર્ક કરવો. (૩) મહેમાન કક્ષમાં એક નોંધપોથી રાખવામાં આવી છે, તે પૂજારી પાસેથી મેળવી અને તેમાં તમારાં સૂચનો, અભિપ્રાય અવશ્ય આપશો. (૪) માતાજીને ચરણે રૂા. ૫૧/–થી વધારે રકમ મુકવી હોય તો કાચી પહોંચ પૂજારી પાસેથી માંગો. મોટી રકમ કેશ કાઉન્ટર ઉપર જ આપી પહોંચ મેળવો. તમે ધરેલ ચૂંદડી પ્રસાદી તરીકે પરત મેળવી શકો છો.

**વિશેષ માહિતી :** બસ સવારે ૬:૩૦ કલાકે ગીતગુર્જરી સોસાયટી મેઈન રોડ, જૈન ઉપાશ્રય ચોક, રાજકોટ ખાતેથી ઉપડશે. પીક અપ સ્ટેન્ડ (૧) હનુમાન મઢી ચોક (૨) રૈયા ચોકડી પાસે (૩) કેકેવી હોલ (૪) બીગ બજાર રહેશે અને આ જ રૂટથી બસ પરત આવશે...સહકારની અપેક્ષા.

**વાઘેશ્વરી પરિવાર**

C/o. **સમીર વસાવડા 'દીનસુમન' ૬૦ નં. પ્રાથમિક શાળા સામે,**
**૫ છોટુનગર, રાજકોટ–૭.**

# અગ્રેસર બનતી 'લિટલ શાઈનર્સ' પ્રી સ્કૂલ

રાજકોટનાં સંસ્કારી અને વિદ્યાપ્રેમી નાગરો તથા નાગરિકો માટે 'લિટલ શાઈનર્સ' પ્લે હાઉસનું નામ હવે અજાણ્યું નથી- એવું સંગીન અને અનોખું કામ પ્રતીક્ષા મેડમે નાના ભૂલકાંઓને કેળવવામાં ત્રણેક વર્ષમાં કરી બતાવ્યું છે. તાજેતરમાં અમીન માર્ગ પરની તેમની આ પ્રી સ્કૂલના ૬૦ જેટલાં બાળકો અને ૧૫૦ થી વધુ પેરેન્ટસ માટે બાજુના સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના આંગણમાં આ સંકુલે ખેલોત્સવ યોજેલો, જેમાં પરંપરાગત અને આધુનિક રમત સ્પર્ધાઓમાં સૌએ ઉત્સાહથી ભાગ લઈ ખુમારી અને ખેલદિલીનું દાખલારૂપ વાતાવરણ નિર્માણ કરેલ. આ પહેલાં, આપણા વિખ્યાત ડેન્ટલ સર્જન ડો. તેજલ મલય ઢેબરને નિમંત્રી બાળકોના દાંત તથા સ્વાસ્થ્ય સુધારણા માટેનો ચેક-અપ કેમ્પ સ્કૂલમાં યોજેલો. પ્લે હાઉસથી સિનિયર કે.જી.ની ચારે કક્ષાનાં બાળકોને ઈંગ્લીશ મીડિયમનું સચોટ શિક્ષણ, છેલ્લામાં છેલ્લી આધુનિક મનોવૈજ્ઞાનિક શોધોના આધાર પર, તથા નૂતન સાધનોના વિનિયોગ દ્વારા રમતાં -રમાડતાં, આપવાની પ્રતીક્ષા ધોળકિયા તથા તેમની પચરંગી ટીમની ધગશની સરાહના થઈ છે. લિટલ શાઈનર્સમાં પોતાના બાળકને દાખલ કરવાની નાગરિકોની તત્પરતા, એ વાતની સાક્ષી પૂરે છે કે, વાલીઓ પોતાના બાળકોના ઉત્તમ ઘડતર માટે કેટલા સજાગ છે...

**લિટલ શાઈનર્સ પ્રી-સ્કૂલ, પંચવટી પાર્ક મેઈન રોડ, જલારામ હોસ્પિટલની નજીક, રાજકોટ. પ્રતીક્ષા ધોળકીયા - મોબાઈલ : ૯૮૨૪૮ ૧૩૪૩૮**


## ABM TRAVELS

**Honeymoon tours :**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Wildlife Tours :**
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini
**Pilgrims :**
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
**Cruise tours :**
STAR cruise: MSC cruise Royal Caribbean : Coasta
**Booking of International destinations :**
SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI
**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**



નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫



KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩